| | |
|---|---|
| GJBK140004222024 | દાખલ કર્યા તા. : ૧૦/૦૫/૨૦૨૪.<br>રજી. લીધા તા. : ૧૦/૦૫/૨૦૨૪.<br>ફેસલ કર્યા તા. : ૨૨/૦૪/૨૦૨૬.<br>અવધિ :– ૦૧વર્ષ ૧૧ માસ ૧૨દિવસ. |

**આંક :–બી/૩૫ .**

**ફોર્મ– એ**

**મહેરબાન ભાભરના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું:ભાભર.**

**ચુકાદાની તારીખ :– ૨૨/૦૪/૨૦૨૬.**

**ફોજદારી કેસ નં. :– ૩૩૨/૨૦૨૪.**

**ભાભર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૦૭૨૪૦૦૪૧/૨૦૨૪.**

**ગુન્હો :– ઈ.પી.કો.કલમ– ૩૨૩,૩૨૪, ૩૨૫,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ.....**

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **શ્રી સરકાર** |
| **રજુ મારફતે :–** | વિ.એ.પી.પી.શ્રી એ.જે.ઠાકોર. |
| **આરોપીઓ :–** | (૧) વાહજીજી રામચંદજી ઠાકોર,<br>(૨) ગણપતભાલ વાહજીભાઈ ઠાકોર,<br>તમામ રહે. સનેસડા, તા.ભાભર,<br>જીલ્લો– બનાસકાંઠા. |
| **રજુ મારફતે :–** | વિ.વ.શ્રી સી.એન.દવે. |

**ફોર્મ– બી**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૦૪–૦૨–૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | ૦૪–૦૨–૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | : | ૩૧–૦૩–૨૦૨૪ |
| તહોમતનામાની તારીખ | : | ૦૯–૦૭–૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૦–૦૯–૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૨૨–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ઉપર મુજબ. |

| | | |
|---|---|---|
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | -- |

## // ઠરાવ //

(૧) ફરીયાદપક્ષ કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓના ખેતરમાં જતો રસ્તો બીજો હોય તેમ છતાં ફરીયાદીશ્રીના ખેતરમાંથી નીકળતા રસ્તે ચાલતા હોય જેથી ફરીયાદીએ તેઓના ખેતરમાંથી જતા રસ્તે ચાલવાની ના પાડતા આ કામના આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ મા-બેન સામી ભુડી ગાળો બોલી તહો.નં.૧ નાએ તેના હાથમાં રહેલ પાઈપ વડે ફરીયાદીના જમણા હાથે તથા ડાબા ખભા ઉપર તથા માથાના પાછળના ભાગે ઈજા કરી તથા તહો.નં.૨ નાએ તેના હાથમાના ધોકા વડે ફરીયાદીને પગ ઉપર તથા શરીરે આડેધડ માર મારી ઈજાઓ કરી બંને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી તથા મહે. સા. બનાસકાં ઠાનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરી ઈ.પી.કો.કલમ-૩૨૩,૩૨૪,૩૨૫, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલાનું ફરીયાદીએ સબંધિત પો.સ્ટે.માં ફરીયાદ દાખલ કરતાં તપાસનીસ દવારા તપાસને અંતે આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ સમન્સના આધારે હાજર થતાં સૌપ્રથમ ક્રિમી.પ્રોસી.કોડની કલમ-૨૦૭ મુજબ આરોપીઓને તપાસના તમામ પેપર્સ મળી ગયાની ખાત્રી કરી આરોપીઓ સામેના ગુનાનું આંક-૫ થી તહોમતનામું ફરમાવી,આરોપીઓના આંક-૬ તથા આંક-૭ થી પ્લી નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષ તરફે કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો કેસ નિ:શંક પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ છે.

### -:- મૌખિક પુરાવા -:-

(૧) આંક-૮ થી ફરીયાદી રમેશજી શોભાજી ઠાકોરની જુબાની,

(૨) આંક–૧૧ થી પંચસાહેદ મનુજી વાહજીજી ઠાકોર ની જુબાની,

(૩) આંક–૧૩ થી પંચસાહેદ ભુપતજી બાજુજી ઠાકોરની જુબાની,

(૪) આંક–૧૪ થી પંચ સાહેદ પોપટજી માવાજી ઠાકોરની જુબાની,

(૫) આંક–૧૬થી પંચ સાહેદ કમાજી સંગ્રામજી રાઠોડની જુબાની,

(૬) આંક–૧૭ થી સાહેદ ભાણજીભાઈ સોભાજી ઠાકોરની જુબાની,

(૭) આંક–૧૮ થી સાહેદ શાંતીભાઈ સોભાજી ઠાકોરની જુબાની,

(૮) આંક–૨૧ થી મેડી.ઓ.શ્રી ડો. પ્રમોદકુમાર હરીરામ પંડયાની જુબાન,

(૯) આંક–૨૫ થી મેડી.ઓ.શ્રી ડો.તબસ્સુમ પઠાણની જુબાની,

(૧૦) આંક–૨૯ થી ત.ક.અ. સેવંતીભાઈ માવજીભાઈ ની જુબાની,

**<u>–:– દસ્તાવેજી પુરાવા –:–</u>**

(૧) આંક–૦૯ થી થી ફરીયાદ,

(૨) આંક–૧૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું,

(૨) આંક–૧૫ થી હથીયાર રીકવરી પંચનામું,

(૪) આંક–૨૨ થી સારવાર પ્રમાણપત્ર,

(૫) આંક–૨૬ થી રીફરનોટ,

(૬) આંક–૨૭ થી એકસ–રે,

(૭) આંક–૨૮ થી મેડીકલ સર્ટી,

આ કામે ઉપરોકત રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતાં આરોપી ઓનો ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે જેમાં આરોપી એ જણાવેલ છે કે તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી પરંતુ અદાવતના લીધે તેમનુ નામ લખાવેલ છે.તેઓ ગરીબ છે જેથી નિર્દોષ છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષ પોતાનો નિ:શંકપણે પુરાવો રજુ કરેલ હોઈ આરોપીઓને કાયદામાં ફરમાવેલ સખત માં સખત સજા કરવા જણાવેલ છે.

(૬) બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.તેઓએ જણાવેલ છે કે હાલના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતાં આરોપીને હાલના ગુના કામે સાંકળી શકાય

તેમ જણાઈ આવતું ન હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) સદરહુ કેસના ન્યાયીક નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>// મુ દ્દા ઓ //</u>**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓના ખેતરમાં જતો રસ્તો બીજો હોય તેમ છતાં ફરીયાદીશ્રીના ખેતરમાંથી નીકળતા રસ્તે ચાલતા હોય જેથી ફરીયાદીએ તેઓના ખેતરમાંથી જતા રસ્તે ચાલવાની ના પાડતા આ કામના આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ મા–બેન સામી ભુડી ગાળો બોલી તહો.નં.૧ નાએ તેના હાથમાં રહેલ પાઈપ વડે ફરીયાદીના જમણા હાથે તથા ડાબા ખભા ઉપર તથા માથાના પાછળના ભાગે ઈજા કરી તથા તહો.નં.ર નાએ તેના હાથમાના ધોકા વડે ફરીયાદીને પગ ઉપર તથા શરીરે આડેધડ માર મારી ઈજાઓ કરી બં ને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી તથા મહે. સા. બનાસકાં ઠાનાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરી ઈ.પી.કો.કલમ–૩૨૩,૩૨૪,૩૨૫, ૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧) નકારમાં,
(૨) આખરી હુકમ મુજબ,

(૯) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

**<u>// કા ર ણો //</u>**

***<u>મુદ્દા નં.–૧ :–</u>***

(૧૦) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે.દિવાની કાર્યવાહી જે રીતે સં ભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી.ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવા નો બોજો આરોપી ઉપર બેસતો

નથી.ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવા ની હોતી નથી,પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.સાબિત થયેલ હકીકતો કોને કહેવાય.તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય. હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો કલમ-૩૨૩,૩૨૪,૩૨૫,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ હોય.સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબના ગુનો સાબિત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે.ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદ નો લાભ લેવા માંગતા હોય તો પણ પુરાવાના કાયદાની કલમ-૧૦૫ મુજબ તેમણે સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપી એ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૧૧) ફરીયાદપક્ષે આંક-૮થી ફરીયાદી રમેશજી શોભાજી ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે બનાવ તા.૧૬/૨/૨૦૨૩ ના રોજ તેઓના ઘરે સવારના સાડા દશ વાગે બનેલો તે સમયે તેઓ અને તેઓની માતા ઘરે હાજર હતા તે સમયે આ કામના આરોપીઓ તેઓના ઘરે આવેલા અને તેઓએ તેઓને કહેલ કે તુ ગાળો કેમ બોલે છે તેમ કહી તેઓને ગણેશે પોતાના હાથમાની લાકડી તેઓના માથામાં મારેલી જેથી તેઓ બે ભાન થઈ ગયેલ અને તેઓની માતાએ બુમાબુમ કરેલ ત્યારબાદ તેઓને ૧૦૮ માં ભાભર સરકારી દવાખાને લાવેલ. ત્યાં પોલીસ આવતા તેઓએ બનાવ બાબતે ફરીયાદ આપેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જેને રજુ દા. આંક ૯ આપવામાં આવે છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખેલ છે કે આરોપી અને તેઓ એક જ કુટુંબના છે આરોપીનું ખેતર એક જ શેઢે આવેલુ છે આરોપીઓના ખેતરમાંથી તેઓનના ખેતરમાં આવજા કરે છે તેઓને દારૂ પીવાની આદત છે અને તેઓના ઉપર દારૂ પીવાનો કેસ ભાભર કોર્ટમાં ચાલે છે. તેઓ તેઓના ખેતરમાં ઝાડ કાપવાનુ કામ

કરે છે. તેઓ ખેતી કરતા નથી. તેઓ કબુલ રાખેલ છે કે તેઓના શેઢા બાબતની તકરાર ચાલતી હતી. કે તેઓને અને આરોપીઓને મામલતદાર કોર્ટમાં કેસ ચાલ ે છે આરોપીઓના ખેતરમાં રસ્તો આવેલો છે કે રસ્તા બાબતે તેઓ ગામના માણસોને ભેગા કરી સમાધાન કરેલું તેઓ કબુલ રાખેલ છે કે તેઓએ ખોટી રીતે રસ્તો પડાવી લીધેલ છે. વાહજીભાઈ ખેતરમાં રહેતા નથી તેઓએ તેઓની સરતપાસમાં ખોટી હકીકત જણાવેલ છે. તેઓ દારૂના નશામાં પડી ગયેલ જેથી તેઓને ઈજા થયેલી તેઓ દારૂ પીને ગામમાં અવાર નવાર તોફાન કરતા હોય તેઓના વિરૂધ્ધ ઘણીબધી ફરીયાદો થયેલ છે. તેઓના ઘરની બાજુમાં કોઈનું ઘર આવેલ નથી. કે તેઓને રસ્તો પડાવી લેવો હોય તેઓએ ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરીયાદ કરેલ છે. અને તેના સમર્થનમાં તેઓ ખોટી જુબાની આપે છે.

(૧૨) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવા સારૂ આંક–૧૨ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાના આંક–૧૧ વાળા પંચ સાહેદ મનુજી વાહજીજી ઠાકોર તેમજ આંક–૧૩ વાળા પંચ સાહેદ ભુપતજી બાજુજી ઠાકોર નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓ એ જણાવેલ છે કે પોલીસે તેઓની એક તૈયાર પં ચનામામાં સહી લીધેલી. લાંબો સમય વિતેલ હોઈ પંચનામા ની વિગત તેઓ જણાવી શકે નહી. તેઓએ પંચનામામાં પંચ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે.

સદર પંચ સાહેદ ફરીયાદપક્ષે રજુ કરેલ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થનકર્તા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ તેમ છતાં સાહેદ ફરીયાદ પક્ષે રજુ કરેલ પંચનામાની હકીકતને સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

સદર પંચ સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષે આંક–૧૫થી રજુ મુદદામાલ રીકવરી અંગેના પંચનામાના આંક–૧ ૪ વાળા પંચ સાહેદ પોપટજી માવાજી ઠાકોર તેમજ આંક–૧૬ થી પંચ સાહેદ કમાજી સં ગ્રામજી રાઠોડનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમના પુરાવામાં પોલીસે તેઓને પંચમાં રહેવા બોલાવેલ અને એક તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલી. તે સિવાય તેઓ પંચનામા વિશે કશુ જાણતા નથી. તેઓ

એ મુદદામાલ રીકવરી અંગેના પંચનામામાં પંચ તરીકે તેઓની સહી કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

સદર પંચ સાહેદ ફરીયાદપક્ષે રજુ કરેલ મુદદામાલ કબજે કર્યા અંગેના પંચનામાની હકીકતને સમર્થનકર્તા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછેલ તેમ છતાં સાહેદ ફરીયાદપક્ષે રજુ કરેલ મુદદામાલ રીકવરી અંગેના પંચનામાની હકીકત ને સમર્થનકારી હકીકત જણાવેલ નથી.

સદર પંચ સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૪) ફરીયાદપક્ષે આંક–૧૭ થી સાહેદ ભાણજીભાઈ સોભાજી ઠાકોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે આજથી આશરે છ–સાત મહિના પહેલા સનેસડા મુકામે રમેશજી ઠાકોરના ખેતરમાં બનાવેલ ઘરે સવારના નવ વાગેના સુમારે બનેલો. તેઓ બનાવ સમયે તેઓના બાજુમાં આવેલ ખેતરે હતા રમેશભાઈના ઘરે બુમાબુમ થતાં તેઓ ત્યાં ગયેલા તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે રમેશજીને માથાના ભાગે વાગેલ હતુ અને લોહી આવતુ હતુ તે સમયે તેઓએ આ કામના આરોપીઓને ભાગીને જતા જોયેલા ત્યારબાદ તેઓના ભાઈએ ૧૦૮ બોલાવેલી અને રમેશજીને ભાભર સરકારી દવાખાને લઈ ગયેલા પોલીસે તેઓની પુછપરછ કરેલી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખેલ છે કે રમેશભાઈ તેઓના ભાઈ થાય છે તેઓની જમીન વારસાઈથી મળેલ છે તેઓ કબુલ રાખે છે કે તેઓ બંને ભાઈ અલગ–અલગ રહે છે તેઓને રમેશજીના ખેતરમાં જવુ હોય તો આખુ ખેતર ફરીને જવુ પડે. એ કબુલ રાખે છે કે, રમેશભાઈ દારૂ પીવે છે. તેઓએ કબુલ રાખેલ નથી કે રમેશભાઈને ઘરે પડી જતા વાગેલું. એ કબુલ રાખેલ નથી કે પોલીસે માત્ર તેઓનું નામ–ઠામ પુંછેલું. એ કબુલ રાખે છે કે આરોપીઓ અને રમેશભાઈ ને ખેતર બાબતે મન દુખ ચાલતુ હતું. તેઓએ કબુલ રાખેલ નથી કે રમેશભાઈ તેઓના ભાઈ હોય તેમના સમર્થનમાં ખોટી જુબાની આપે છે એ પણ કબુલ રાખેલ નથી કે કહેવાતો બનાવ બનેલ નથી.

(૧૫) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવા સારૂ આંક–૧૮ થી સાહેદ

શાંતીભાઈ સોભાજી ઠાકોરનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે આજથી આશરે છ–સાત મહિના પહેલા સનેસડા મુકામે રમેશજી ઠાકોરના ખેતરમાં બનાવેલ ઘરે સવારના નવ વાગેના સુમારે બનેલો. તેઓ બનાવ સમયે તેઓના બાજુમાં આવેલ ખેતરે હતા રમેશભાઈના ઘરે બુમાબુમ થતાં તેઓ ત્યાં ગયેલા તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે રમેશજીને માથાના ભાગે વાગેલ હતુ અને લોહી આવતુ હતુ તે સમયે તેઓએ આ કામના આરોપીઓને ભાગીને જતા જોયેલા ત્યારબાદ તેઓના તેઓએ ૧૦૮ બોલાવેલી અને રમેશજીને ભાભર સરકારી દવાખાને લઈ ગયેલા પોલીસ ે તેઓની પુછપરછ કરેલી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખેલ છે કે તેઓએ પોલીસ સમક્ષ કોઈ નિવેદન લખાવેલ નથી. તેઓએ કબુલ રાખેલ નથી કે રમેશભાઈ તેઓના ભાઈ હોય તેમના સમર્થનમાં ખોટી જુબાની આપે છે. તેઓ કબુલ રાખેલ નથી કે કહેવાતો બનાવ બનેલ નથી.

(૧૬) ફરીયાદપક્ષે આંક–૨૩ થી મેડી.ઓફી.ડો.પ્રમોદકુમાર હરીરામ પંડયાના ઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે બનાવ સમયે તેઓ ભાભર મુકામે સરકારી હોસ્પીટલમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૦૪/૦૨/૨૦૨૪ ના રોજ દર્દી નામે રમેશજી શોભાભાજી વાઘેલા, રહે.સનેસડા, તા.ભાભર વાળા તેઓની પાસે સવારના ૧૨:૧૦ વાગ્યે તેઓની સમક્ષ પોલીસ યાદી વગર સારવાર માટે આવેલા. તે સદર દર્દીને હીસ્ટ્રી પુછતાં તેઓએ જણાવેલ કે તા.૪૦/૦૨/૨૦૨૪ ના રોજ સવારે અગીયાર વાગે સનેસડા તેમના ઘરે લાકડી વડે ગડદાપાટુનો માર મારેલ છે. તેઓને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી. તેઓના જમણા હાથ આગળના ભાગે અંગુઠો અને પહેલી આંગળીના વચ્ચે પહોળો ઘા હતો. માથાના ડાઘા ભાગે પહોળો ઘા હતો જમણા ખભાના ભાગે દુખાવો થતો હતો બંને સાથળના ભાગે સોજો અને છોલાયેલો ઘા હતો. તેઓએ તેઓને વઘુ સારવાર માટે ધારપુર ખાતે રીફર કરેલ તેઓએ દર્દીને સારવાર અં ગે ઈજાનું સર્ટીફીકેટ આપેલ જે અસલ તેઓને બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી તથા હોદાનો સીકકો છે જે તેઓ ઓળખે છે જેને રજુ દાખલ આંક ૨૨ આપવામાં આવે છે તેઓએ સદર કેસ મેડીકોલીગલ કેસ હોય તે અંગેની જાણ સારૂ પોલીસને યાદી

કરેલ જે અસલ યાદી તેઓને બતાવવામાં આવે છે જેમાં તેઓની સહી તથા હોદાનો સીકકો છે જે તેઓ ઓળખે છે જેને રજુ દા.આંક ૨૩ આપવામાં આવે છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ કબુલ રાખેલ છે કે દર્દી હોસ્પીટલમાં તેઓની પાસે આવેલ ત્યારે સભાન અવસ્થામાં હતા. તેઓએ કબુલ રાખેલ છે કે મેડીકલ સર્ટીફીકેટમાં કોના દવારા દર્દીને ઈજા કરાયેલ તેનુ ચોકકસ નામ જણાવેલ નથી. તેઓ ચોકકસ કહી શકે નહી કે દર્દી તેઓની હોસ્પીટલમાં કેટલા ટાઈમ રહેલા. તેઓ કબુલ રાખેલ છે કે દર્દીને તેઓએ જે દીવસે તપાસેલા તે દીવસે જ રજા આપેલી સાહદે જણાવે છે કે તેઓએ તેમને રીફર કરેલા. તેઓએ કબુલ રાખેલ નથી કે કોઈ વયકતી લપસી જાય અને બાજુમાં દીવાલ હોય ત્યાં ભટકાય તો ઉપરોકત જણાવ્યા મુજબની ઈજા થઈ શકે.

(૧૭) ફરીયાદપક્ષે આંક–૨૫ થી મેડી.ઓફી.ડો.તબસ્સુમ પઠાણના ઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે બનાવ સમયે તેઓ ભાભર મુકામે સરકારી હોસ્પીટલમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૧ ૬/૦૨/૨૦૨૪ ના રોજ દર્દી નામે રમેશજી શોભાભાજી વાઘેલા, રહે.સનેસડા, તા.ભાભર વાળા તેઓની પાસે સવારના ૦૩:૦૦ વાગ્યે તેઓની સમક્ષ પોલીસ યાદી વગર સી.એચ.સી. ભાભરની રીફર નોટ સાથે સારવાર માટે આવેલા. તેઓએ તેઓની સાથે અસલ રીફરનોટ લાવેલ છે જે આ કામે રજુ કરે છે જેને રજુ આં ક–૨૬ આપવામાં આવે છે તેઓએ તેઓને હીસ્ટ્રી પુછતાં તેઓએ જણાવેલ કે સવારે અગીયાર વાગે ગયા રવીવારે તેઓના પોતાના ઘરે બે જણા આવીને પાઈપ અને લાકડી વડે તેઓને માર મારેલ છે. મારનાર વ્યકતીના નામ આરોપી નં ૧ રામચંદજી અને આરોપી નં ૨ રામચંદજીનો દીકરો જણાવેલ તેઓને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાઈ આવેલી. ડાબા ખભા ઉપર અડતા દુખાવો થતો હતો અને હલનચલન ઓછી થઈ ગયેલી જે ઈજા ગંભીર પ્રકારની હતી અને કોઈ ગુંચવણ ઉભી ન થાય તો ૬ થી ૮ અઠવાડીયામાં સાજી થઈ શકે તેવી હતી. સદર દર્દીના એક્ષરે કઢાવતા ડાબી બાજુના ખભાનુ હાડકુ ખસી ગયેલ હોવાનુ જણાયેલ જે અસલ એક્ષરે તેઓ આજ રોજ તેઓની સાથે લાવેલ છે. જે રજુ છે જેને રજુ દા.આંક ૨૭ આપવામાં આવે છે. માથાના ડાબી બાજુ ટાંકા લીધેલો ઘા હતો. સાદા પ્રકારની હતી અને જો કોઈ ગુંચવણ

ઉભી ન થાય તો ૬ થી ૭ દિવસમાં સાજી થઈ શકે તેવી હતી સદર ઈજા અઠવાડીયા પહેલા થયેલ હોવાનુ જણાતું નથી. સદર દર્દીને તે જ દીવસે હોસ્પીટલમાંથી રજા આપેલ આ દર્દીને સારવાર અંગે ઈજાનું સર્ટીફીકેટ આપેલ જે અસલ તેઓને બતાવવામાં આવે છે. જેમાં તેઓની સહી તથા હોદાનો સીકકો છે જે ઓળખે છે જેને રજુ દા.આં ક–૨૮ આપવામાં આવે છે સદર દર્દીને વધુ સારવાર માટે ઓર્થોપેડીક સર્જન પાસે રીફર કરેલ.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે એ વાતની તેઓને હાલમાં ખબર નથી કે ઈજા પામનાર એકલા આવેલા કે તેઓની સાથે અન્ય વ્યકતીઓ આવેલા કે કેમ. તેઓ કબુલ રાખેલ છે કે તેઓને ઈજા બાબતની હીસ્ટ્રી દર્દીએ જણાવેલી. તેઓ કબુલ રાખેલ છે કે દર્દીએ જણાવેલ હીસ્ટ્રીમાં એવુ કોઈ ચોકકસ જણાવેલ નથી કે તેઓને શું મારેલ અને કઈ જગ્યાએ માર મારેલ. તેઓ કબુલ રાખેલ છે કે કોઈ વ્યકતી પડી જાય અને દીવાલે અથડાય તો ઉપરોકત બંને ઈજાઓ થઈ શકે.

(૧૮) ફરીયાદપક્ષે આંક–૨૯ થી આઈ.ઓ. સેવંતીભાઈ માવજીભાઈ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવે છે કે બનાવ સમયે તેઓ ભાભર પો.સ્ટે.માં અ.હે.કો. તરીકે તેઓની ફરજ બજાવતા હતા ત્યારે ભાભર પો.સ્ટે.ને ફરીયાદી રમેશજી શોભાજી ઠાકોર રહે.સનેસડા નાઓએ ફરીયાદ વાળા બનાવની ફરીયાદ આપતા સદરે કેસની તપાસ તેઓને સોપવામાં આવેલ. તપાસ સંભાળ્યા બાદ તેઓએ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. આરોપીઓને અટક કરી તેનુ હથીચાર રીકવરીનું પંચનામુ કરેલ. ત્યારબાદ લાગતા વળગતાં સાહેદોના નિવેદનો નોંધેલા તથા ઈજા પામનારના સારવાર સર્ટીફિકેટ મેળવેલા. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાય આવતા ચાર્જશીટ કરેલુ.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓ કબુલ રાખેલ છે કે આ કામે ફરીયાદમાં જણાવેલ બનાવ સમયે હાજર આજુબાજુના સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી. સાહેદ જણાવે છે કે તેઓ ગયેલા પણ કોઈ વચકિતએ નીવેદન લખાવવ તૈયાર ન હતા. એ વાત કબુલ રાખે છે કે તપાસના કામે લીલચંદભાઈ નું કોઈ નીવેદન તેઓએ લીધેલ નથી. તેઓ કબુલ રાખેલ છે કે સદર

કેસમાં રામચંદજી નામના કોઈ વ્યકતી આરોપી તરીકે નથી. એ વાત કબુલ રાખે છે કે આ કામે ફરીયાદીના સગા સંબંધીઓના નીવેદનો લીધેલા છે. તેઓ કબુલ રાખેલ છે કે આ કામે ફરીયાદીની માતાનુ કોઈ નીવેદન લીધેલ નથી. તેઓએ કબુલ રાખેલ છે કે ફરીયાદી મેડીકલ સર્ટી પ્રમાણે તા. ૧૬/૨/૨૦૨૪ ના રોજ ધારપુર ખાતે સારવાર લીધેલી. એ વાત કબુલ રાખે છે કે આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

<u>**પુરાવાનું મુલ્યાંકન :-**</u>

(૧૯) આ કામે વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્ર ના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાની ચુકે તો તે સ્થિતીનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે.આ સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર થાય છે.

(૧૯.૧) પુરાવાનું મુલ્યાંકન ભારતીય પુરાવા અધિનિયમમાં કયાંય વ્યાખ્યાતિત કરવામાં આવેલ નથી.પુરાવાનું મુલ્યાંકન ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૩ માં દર્શાવેલ PROVE અને NOT PROVE શબ્દો પર અવલંબે છે. કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિનઅસ્તિત્વ સાબિત માનવા તે મુલ્યાંકનનો વિષય છે. વધુમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષ તેના સકારાત્મક પુરાવાથી,શંકા થી પર સાબિત કરવાના રહે છે.આ કામે રેકર્ડ પરના પુરાવાનું મુલ્યાંકન કરતા પુર્વે, ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનું મુલ્યાંકન, કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાક સિધ્ધાંતો લક્ષમાં લેવા જરુરી છે, જે નીચે મુજબ છે.

- ભારતીય પુરાવા અધિનીયમ ૧૮૭૨, કલમ-૧૩૪ વંચાણે લેતા, કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદોની સંખ્યા હોવી જરુરી નથી. એટલે કે, સાહેદોની ''સં ખ્યા/જથ્થો'' નહી, પુરાવાની ''ગુણવત્તા'' કે સાહેદોના પુરાવાની ''વિશ્વાસનીયતા'' મહત્વની છે.
- ફોજદારી કાયદા મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જયારે આરોપી પક્ષે પોતાનો બચાવ સંભવિતતાના સિધ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે અને તે માટે આરોપીપક્ષ ફરીયાદપક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટ

તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

- જયારે કોઈ કિસ્સામાં ફરીયાદપક્ષના સાહેદોના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરીયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતુ નથી. પરંતુ જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતમાં વિરોધાભાસી અને અસંગતતાભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરીયાદપક્ષની વિપરીત જાય. (Arjunbhai Ramchandra Parte Appellant Vs. State :) Gujarat. GLH, 2013(3),(N.O.C.) 3).
- કોઈ સાક્ષી હિત ધરાવતો હોવા માત્રથી તેના પુરાવાને આપોઆપ અગ્રાહ્ય ગણી શકાય નહી કે નજર અંદાજ કરી શકાય નહી. પરંતુ, આવા કિસ્સામાં અદાલત સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન બારીકાઈથી, ઝીણવટભરી રીતે અને વધુ સભાન/સજાગપણે કરવાનું રહે છે. જો તે સાહેદનો પુરાવો વિશ્વસનીય, ભરોસાપાત્ર અને માનવા લાયક જણાતો હોય તથા ફરીયાદપક્ષની મહત્વની બાબતમાં તેના પુરાવામાં કોઈ વિરોધાભાસી હકીકત માલુમ પડેલ ન હોય તો તેવા પ્રસંગે તેવા હિત ધરાવતા સાહેદના પુરાવાને આધારે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શિક્ષા કરી શકાય છે.

(૨૦) આમ આ કામે ઉપર મુજબનો પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજુ રાખવામાં આવેલ છે જે પુરાવાનું પૃથ્થકરણ કરતા પહેલા આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુના અંગેની ભારતીય ફોજદારી ધારા અન્વયે કાયદાકીય જોગવાઈ જોવામાં આવે તો,ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૩૨૪,૩૨૫,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના અગત્યના આવશ્યક તત્વો નીચે મુજબ છે જેના પરિપ્રેક્ષ્યમાં હાલનો કેસ મુલવવાનો રહે છે.

<u>કલમ–૩૨૩ :– સવેચ્છા પૂર્વકની વ્યથા કરવાની શિક્ષા</u>

૧. આરોપીએ શારીરીક પીડા, રોગ અથવા અશકિત નીપજાવ્યા,

૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતું.

<u>કલમ–૩૨૪ :– ભંયકર હથિયાર કે સાધનો વડે સ્વેચ્છાપૂર્વકની વ્યથા કરવા બાબત .</u>

૧. આરોપીએ શારીરિક પીડા,રોગ અથવા અશકિત નિપજાવેલ

૨. આવું કૃત્ય આરોપીએ ઈજા પહોચાડવાના ઈરાદાથી અથવા ભોગ બનનારને વ્યથા થાય તેવો સંભવ હોવાનું જાણવા છતાં એટલે કે ઈચ્છાપુર્વક પહોંચાડી

૩. આવી ઈજા ગોળી છોડવાના અથવા ભોકવાના અથવા આપવાના સાધન વડે કરવામાં આવી હોય.

**કલમ–૩૨૫:– સ્વેચ્છાર્પૂવક વ્યથા કરવા માટેની શિક્ષા.**

૧. આરોપીએ શારીરીક પીડા, રોગ અથવા અશકિત નીપજાવ્યા,
૨. આવુ કૃત્ય આરોપીએ મહા વ્યથા કરવાના ઈરાદે અથવા મહાવ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતું.
૩. તેને સાત વર્ષ સુધીની શિક્ષા કરવાની જોગવાઈ છે.

**કલમ–૨૯૪ :– અશ્લીલ કૃત્યો અથવા ગીતો :–**

૧. આરોપીએ કોઈ અશ્લીલ કૃત્ય કર્યુ અથવા,
૨. આરોપીએ અશ્લીલ ગીત, કાવ્ય સંભળાવ્યું અથવા ઉચ્ચાર્યુ,
૩. આવું કૃત્ય જાહેર સ્થળે અથવા જાહેર સ્થળની નજીક કર્યુ,
૪. આવા કૃત્યથી અન્યને ત્રાસ થયો હોય.

**કલમ–૫૦૬ : ગુનાહિત ધમકી માટેની શિક્ષા :**

જે કોઈ વ્યકિત, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકાર ની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા કરવા અંગેની હોય તો –**

જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્રહિનતાનું આળ મૂકવાનું હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

ઉપરોકત જોગવાઈ ઘ્યાને રાખતાં ફરીયાદીએ આરોપી સામે નીચે મુજબના આવશ્યક તત્વો સાબિત કરવા જોઈશે.

૧. આરોપીએ કોઈકને ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપેલી અથવા તેની આબરૂ અથવા મિલકતને નુકસાન થાય તે માટે ધમકી આપેલી અથવા આવી વ્યકિત જે વ્યકિતમાં રસ ધરાવતી હતી તેવી વ્યકિતને ઈજા કરવા અથવા તેની આબરૂ

કે મિલકતને નુકસાન કરવા માટે ધમકી આપી હતી.

૨. આરોપીએ ગુનાના ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આ કરેલુ.

૩. આરોપીએ કોઈ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહીં.

**કલમ–૧૧૪ :** પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરીણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજઢરીમાં થાય તો, તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે તેમ ગણાશે.

(૨૧) આ કામે આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાઓ પુરવાર કરવા સારૂ ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનું એકસાથે મુલ્યાંકન કરવુ જરૂરી છે અને તે મુજબ આ કામે ફરીયાદપક્ષે સોગંદ ઉપર તપાસવામાં આવેલ સાહેદોના પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં આ કામે ફરીયાદીએ તેઓના પુરાવામાં બનાવની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે અને તેઓએ પોતાની જુબાનીમાં જણાવે છે કે બનાવના દીવસે ગણેશે પોતાના હાથમાંની લાકડી તેઓના માથામાં મારેલી.પરંતુ તેઓ પોતાની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેઓ અને આરોપીઓ એક જ કુંટુબના છે. આ સિવાય ફરીયાદી પોતાની જુબાની માં જણાવેલ છે કે આરોપીએ પોતાના હાથમાંની લાકડી તેઓના માથામાં મારેલી પરંતુ મેડીકલ ઓફીસર તેમજ તેમના દવારા આપેલ મેડીકલ સર્ટીફીકેટમાં ફરીયાદીને વધારાની ઈજાઓ થયેલ છે તેવું જણાઈ આવેલ છે. આમ જયારે સાહેદ પોતે તેમને માથામાં ઈજા થયેલ છે તેવું જણાવેલ છે પરંતુ મેડીકલ પુરાવામાં વધારાની ઈજાઓ દર્શાવેલ હોઈ તેવી હકીકત શંકાજનક છે. આ સિવાય ફરીયાદીએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે બનાવ બનતા તેમની માતાએ બુમાબુમ કરેલી જેથી એવું ફલીત થાય છે કે તેમની માતા નજરે જોનાર સાક્ષી છે પરંતુ તપાસ કરનાર અધિકારી પોતાની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેઓએ ફરીયાદીની માતાનું નિવેદન લીધેલ નથી. આમ જયારે ફરીયાદી પોતે જુબાનીમાં કહેલ છે કે બનાવના દીવસે તેમની માતા હાજર હતા છતાં તપાસ કરનાર અધિકારી દવારા શા માટે તેમનું નિવેદન લેવાયેલ નથી જે હકીકત પણ શંકા ઉદભવે છે. આ સિવાય ફરીયાદી પોતાની ઉલટતપાસમાં એ વાતની ઈન્કારી કરેલ છે કે આરોપીઓ

અને તેમના વચ્ચે ખેતરના શેઢા બાબતે તકરાર ચાલતી હતી પરંતુ ફરીયાદીની ફરીયાદ વાંચતા તથા ફરીયાદીના ભાઈ ભાણજીભાઈ ની જુબાની જોતા એવું ફલીત થાય છે કે આરોપીઓ અને ફરીયાદી વચ્ચે ખેતરના રસ્તા બાબતે તકરાર ચાલતી હતી. આમ આ સંભાવનાને પણ નકારી ન શકાય કે હાલની ફરીયાદ અગાઉનો તથા ખેતર બાબતની અદાવતના લીધે દાખલ કરાવેલ હોય. આ સિવાય ફરીયાદીએ બનાવના દીવસે એટલ ે કે તા.૪/૨/૨૦૨૪ ના રોજ ભાભર સરકારી હોસ્પીટલ ખાતે સારવાર કરાવેલ છે, જયાં થી તેમને વધુ સારવાર માટે ધારપુર સિવિલ હોસ્પીટલ પાટણ ખાતે રેફર કરવામાં આવેલ પરંતુ ફરીયાદી બનાવના ૧૨ દીવસ પછી ધારપુર ખાતે સારવાર કરાવેલ તે હકીકત પણ શંકા ઉપજાવે છે કે જો ખરેખર ફરીયાદીને ગંભીર ઈજા થયેલ હોય તો તેઓ તરત જ પોતાની વધુ સારવાર કરાવી હોત. આમ ફરીયાદીની ફરીયાદ તેમજ રેકર્ડ ઉપર આવેલ અન્ય પુરાવા સાથે સમર્થન મળતું નથી ત્યારે ફરીયાદીએ જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલ હતો કે કેમ તે હકીકત શંકા ઉપજાવે છે.

(૨૨) આ સિવાય ફરીયાદપક્ષે ફરીયાદીના બે ભાઈઓનો નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ જણાવેલ છે કે બુમાબુમ સાંભળતા તેઓ બનાવ સ્થળે પહોંચેલા અને આરોપીઓને બનાવ સ્થળેથી ભાગતા જોયેલા પરંતુ આ સાહેદો હિત ધરાવનાર સાહેદો છે અને જયારે તેમની જુબાનીને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી બળ ન મળે ત્યારે તેમના દવારા જણાવેલ હકીકતો માનવા લાયક ન ગણી શકાય. આ સિવાય આ કામે ગુનાવાળી જગ્યાના પંચનામાંના પંચસાહેદ તથા મુદામાલ રીકવરી અંગેના પં ચનામાના પંચસાહેદે પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી ત્યારે સદર પંચનામાંની હકીકતો પણ પુરવાર થયેલ નથી. આમ જયારે મુદામાલ રીકવરી પંચનામુ પુરવાર થયેલ ન હોય ત્યારે આરોપીઓને જી.પી.એકટની કલમ –૧૩૫ માંથી પણ શંકાનો લાભ આપવાનો ન્યાયોચિત જણાય છે. વધુમાં આ કામના સાહેદ શાં તીભાઈ શોભાજી ઠાકોર પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે તેઓએ પોલીસને કોઈ નીવેદન લખાવેલ નથી. આમ ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ બનાવની હકીકતને શબ્દશ: જણાવેલ નથી,ફકત આંશિક સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે વધુમાં તેમના પુરાવાને અન્ય મહત્વના સાહેદોના પુરાવાથી સંપૂર્ણપણે સમર્થન મળતું નથી ત્યારે તેમના દવારા જણાવેલ બનાવ

વિશે પણ શંકા ઉપજાવે છે અને જયારે શંકા ઉત્પન્ન થાય ત્યારે તેનો લાભ આરોપીને મળવો જોઈએ તેવા નામદાર વડી અદાલતોના ચુકાદાઓના માર્ગદર્શક સિધ્ધાં તોમાં ઠરાવવામાં આવેલ છે. જેથી આ કામે રજુ થયેલ ઉપરોકત પુરાવાની હકીકતોથી ફરીયાદીએ જણાવેલ હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી ત્યારે ફરીયાદીએ આપેલ ફરીયાદ તેમજ બનાવની હકીકત પુરવાર થતી નથી.

(૨૩) આ સિવાય આ કામે તપાસ કરના અમલદાર તેઓના પુરાવામાં બનાવ અંગેની તેઓને તપાસ મળતા તેઓએ તપાસ સંભાળી લઈ કાયદાકીય પ્રકીયાના ભાગ રૂપે કરેલ કાર્યવાહી બાબતેની હકીકત જણાવેલ છે. તપાસ કરનાર અમલદાર પોતાની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેઓએ તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી વધુમાં તેઓએ કબુલ રાખેલ છે કે તેઓએ તપાસના કામે લીલચંદભાઈ તથા ફરીયાદીની માતાનું નીવેદન લીધેલ નથી. આમ જયારે તપાસ કરનાર અમલદાર દવારા મહત્વપૂર્ણ સાહેદોના નીવેદનો લેવામાં આવેલ ન હોય ત્યારે તેનો લાભ પણ આરોપીઓને મળે છે તેવું નામદાર વડી અદાલતો દવારા વારંવાર પોતાના ચુકાદાઓથી માર્ગદર્શન આપે છે.

(૨૪) આ સિવાય આ કામે આરોપીઓ ઉપર એવો આક્ષેપ પણ છે કે તેઓએ ફરીયાદીને ગાળો બોલેલી તથા જાનથી મારી નાખવાની ધમકી પણ આપેલી પરંતુ ફરીયાદીની જુબાનીમાં તેવા કોઈ આક્ષેપો કરેલ નથી કે જણાવેલ નથી જેથી આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલેલી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલી હોય તે પુરવાર થયેલ નથી.

(૨૫) આમ આરોપીઓ સામેના ઈ.પી.કો.કલમ-૩૨૩,૩૨૪,૩૨૫, ૨૯ ૪(ખ),૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાની હકીકત પુરવાર થતી નથી અને ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકારહીત પુરાવાથી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોઈ મુદા નં ૧ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧)

અન્વયે ઈ.પી.કો.કલમ–૩૨૩,૩૨૪,૩૨૫,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાં પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લેવામાં આવેલ મુદદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીઓ તરફે અગાઉ રજુ કરેલ જામીન તથા જાત મુચરકા સી.આર.પી.સી.કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે વિકલ્પે આરોપીએ રૂા.૫,૦૦૦/– પુરાના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધીના રજુ કરવા.

હુકમ તા.૨૨મી,માહે એપ્રિલ,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા. ૨૨/૦૪/૨૦૨૬.
ભાભર.

**(એ.કે.સોમાણી)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.),ભાભર
(કોડ નં.જીજે૦૧૬૯૦)